
## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



સાહેબ... દરેક લુપ્ત થતી જાતીના સંવર્ધન કેન્દ્ર ખોલવાના આદેશ મુજબ હવે વિરોધ પક્ષ સંવર્ધન કેન્દ્ર ખોલવાની જરૂર ઊભી થઈ હોય તેવું જણાય છે...

# એલસીબીએ નાસતા ફરતા ત્રણ બુટલેગરોને પકડી પાડયા

### પેથાપુર, ચિલોડા અને ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનના પ્રોહીબીશનના ગુનામાં વોન્ટેડ ત્રણ અલગ અલગ બુટલેગરોને શોધીને ઝડપી લીધા

ગાંધીનગર, તા.૭

જિલ્લામાં નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા એસ.પી.એ આપેલી સુચના







અનુસંધાને ગાંધીનગર એલસીબીની ટીમોએ નાસતા ફરતા આરોપીઓની યાદી બનાવી તેમને શોધી કાઢવા બાતમીદારો સક્રિય કર્યા છે. પેથાપુર, ચિલોડા અને ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં પ્રોહીબીશનના ગુનામાં વોન્ટેડ ત્રણ અલગ અલગ બુટલેગરોને શોધી ત્રણની ધરપકડ કરી સંબંધીત પોલીસ સ્ટેશનને સોંપવા એલસીબીએ કવાયત હાથ ધરી છે.

એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીત અને તરલ ભટ્ટની ટીમો વોન્ટેડ આરોપીઓ શોધી કાઢવા સક્રિય થઈ છે ત્યારે એક ટીમને બાતમી મળી હતી કે સાંબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં પ્રોહીબીશનના ગુનામાં વોન્ટેડ ધોળાકુવાનો મુકેશ ગણેશ ઠાકોર પોતાના ઘરે હાજર છે. આ બાતમી આધારે પીએસઆઈ વી.એમ. ઝાલાની ટીમે તેને પકડી પાડયો હતો. તે ઉપરાંત તેમની જ ટીમે પેથાપુર પોલીસ સ્ટેશનના પ્રોહીબીશનના ગુનામાં વોન્ટેડ કોલવડા ચામુંડાપરાના રાકેશ કનુ નાથબાવાને તેના ઘરેથી પકડી પાડયો હતો.

ઉપરોકત બંને આરોપીઓ ઉપરાંત ત્રીજો વોન્ટેડ બુટલેગર ચિલોડાથી દહેગામ રોડ પરથી પકડી પાડયો હતો. ઈસનપુર મોટા ગામનો બુટલેગર મંગા કાળા ઠાકોર ચિલોડા પોલીસ સ્ટેશનના પ્રોહીબીશનના ગુનામાં નાસતો ફરતો હતો તેને પીએસઆઈ યુ.આર. નલવાયાની ટીમે બાતમી આધારે ચિલોડાથી દહેગામ જતા રોડ ઉપરથી પકડી પાડી કાયેદસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પાણી બચાવવા શહેરની મહિલા અગ્રણીઓની અપીલ

રાજ્યમાં સર્જાયેલી જળસંકટની પરિસ્થિતિ અને રાજ્ય સરકારના જળસંચય અભિયાનની સાથે ગાંધીનગરમાં પણ પાણી બચાવવા અંગે જનજાગૃતિનો માહોલ સર્જાતો જોવા મળી રહ્યો છે. રાજ્યભરમાં સૌથી વધુ પાણીનો વપરાશ કરતા પાટનગરમાં વિવિધ અગ્રણીઓ દ્વારા નાગરિકોને પાણીનુ મહત્વ સમજી તેનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવા સાથે જળના દુર્વ્યયને અટકાવવા અપીલ કરવામાં આવી રહી છે. મોટેભાગે પાણીના વપરાશ સાથે ગૃહિણીઓનો નાતો વધુ હોવાથી શહેરની મહિલા અગ્રણીઓએ પણ આ બાબતે જાહેર અપીલ કરી છે.



''જ્યોતિ મહિલા મંડળ નગરની બહેનોના રોજીંદા વપરાશમાં પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરવા આગ્રહભર્યો અનુરોધ કરે છે, દૈનિક ક્રિયામાં શક્ય હોય ત્યાં પાણી રીસાયકલ કરી વાપરવા અપીલ કરે છે. ઘરમાં જો નોકર-ચાકર કામ કરતા હોય તો તેમને પાણીનો નળ ચાલુ રાખીને કામ નહી કરવા તેમજ બગીચા અને ચોકની સફાઈ માટે શક્ય હોય તેટલી ઓછી વખત પાણી વાપરવા સૂચના આપવી. વળી, જો ઘરના નળ લિકેજ હોય તો તેને સત્વરે રીપેર કરાવી લેવા જોઈએ.''

**- ડો. ચેતના બુચ**
**પ્રમુખ, જ્યોતિ મહિલા મંડળ**



''નગરની ગૃહિણીઓએ જળસંચય અભિયાનમાં સહકાર આપવો તે આપણી નૈતિક ફરજ છે, પાણી એ કુદરતની અમૂલ્ય ભેટ છે, તેનો બગાડ અટકાવવો જોઈએ. પાણી બચાવવુ તે એક સમાજ સેવા જ છે. ગૃહિણીઓ કપડાં ધોવા, વાસણ માંજવા, સ્નાન કે ઘરસફાઈ દરેકમાં પાણીનો કેવી રીતે બચાવ કરવો તે સારી રીતે જાણે છે, મહિલાઓનું યોગદાન આ સંકટમાંથી 'ટીપે ટીપે સરોવર ભરાય' તે ઉક્તિને સાર્થક કરી દેખાડશે.''

**- શર્મિષ્ઠાબેન દવે**
**પ્રમુખ, અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થ્ય સંઘ**



''પાણી અમૂલ્ય છે અને પાણીથી જ જીવન છે, આપણે જો આ પડકારને ગંભીરતાથી નહી લઈએ તો ભવિષ્યમાં વિકરાળ પરિસ્થિતિનો સામનો કરવો પડશે જેની કલ્પના પણ નહી કરી હોય. મારી દરેક બહેનો, માતાઓ અને મહિલાઓને વિનંતી છે કે આપણે ૮૦ ટકા પાણી ઘર સફાઈ, કપડાં-વાસણો કે બાગ બગીચા અને ગાડી ધોવામાં વાપરીએ છીએ તે શક્ય હોય તેટલુ ઓછુ કરવુ અને ભાવિ પેઢીને આવનારી સમસ્યાથી ઉગારવી.''

**- મિનાક્ષી જય સિંઘાણી**
**પ્રમુખ, લાયોનેસ કલબ**

''પૃથ્વી પર પ્રાપ્ય પાણીમાંથી માત્ર ૩ ટકા પાણી જ પીવા યોગ્ય છે, જેમાંથી આપણને માત્ર ૧ ટકો પાણી જ મળી રહે છે. આપણે ઘરવપરાશની રોજીંદી ક્રિયાઓ જેમકે બ્રશ કરતા નળ ચાલુ રાખવો, ન્હાવામાં શાવરનો ઉપયોગ કરવો, શાકભાજી ધોવા માટે વધુ પડતુ પાણી વાપરવુ જેવી આદતો બદલવી પડશે. બગીચામાં ટપક પદ્ધતિ અપનાવવી પડશે. આપણે પાણી બચાવીશુ તો પાણી આપણને બચાવશે.''



**- મિનાક્ષીબેન પટેલ**
**નિર્દેશક, બીએપીએસ મહિલા મંડળ**



''ઘરના તમામ લીકેજીસ સત્વરે બંધ કરાવી પાણીનો વેડફાટ અટકાવવો જોઈએ. વળી, પાણીના વિવેકપૂર્ણ ઉપયોગ માટે આપણે બ્રશ કરતા કે હાથ ધોતા, કે અન્ય કોઈપણ કાર્યમાં પાણીનો શક્ય હોય તેટલો બગાડ ઓછો થાય તે જોવુ જોઈએ. પૃથ્વી પર પીવાલાયક પાણી ખૂબ ઓછુ છે તેથી તેને બચાવવુ તેમજ વરસાદી પાણીનો સંગ્રહ કરવો તે માટે મહિલાઓએ પહેલ કરવી પડશે.''

**- હિરલબેન જોષી, કોર્પોરેટર**



''પાણી આપણુ અને આવનારી પેઢીનું જીવન છે. ઘરના કામકાજમાં પાણીને બચાવી શકાય છે. જેમકે જરૂર વગર નળ ચાલુ ન રાખવા, ચાલુ નળે વાસણ કે કપડાં ન ધોવા, બાળકોને ફૂવારાનો દુરુપયોગ ના કરવા દેવો, ઓવરહેડ ટાંકી ઓવરફલો ના થાય તેનું ધ્યાન રાખવુ, ધાબા-બાલ્કની-આંગણુ વગેરે કારણવગર ધોવુ નહી, શેમ્પુનો ઉપયોગ ઘટાડવો વગેરે રીતે પાણીનો વેડફાટ અટકાવી શકાય છે. રાત્રે સુતી વખતે નળ બંધ કરવા અને બહારગામ જતી વખતે બધા નળ ચેક કરી લેવા જોઈએ.''

**- પાયલબેન મેણાત, કોર્પોરેટર**



''પાણી બચાવવાની પહેલ ગૃહિણીઓ જ સારી રીતે કરી શકે, રોજીંદા કામમાં પાણી કેવી રીતે બચાવવુ તે ગંભીરતાપૂર્વક વિચારવુ જોઈએ અને ખાસ કરીને ઘરના પુરૂષોને ગાડી ધોવાનો કે બગીચામાં પાણી છાંટવા કે આંગણામાં પાણી છાંટવાની ટેવ હોય તો તે માટે આપણે રોકવા જોઈએ. મહિલાઓના પ્રયાસથી જ પાણીનો વેડફાટ અટકી શકશે માટે ગૃહિણીઓએ આ પહેલ કરવી જ રહી.''

**- નીલાબેન શુકલ, કોર્પોરેટર**

# રખિયાલમાં ચાલતા વરલીના અડ્ડા ઉપર પોલીસ ત્રાટકી

### ૧૬,૬૪૦ના રોકડ મુદ્દામાલ સાથે ૮ જુગારીઓ પકડાયા

રખિયાલ પીએસઆઈ વી.બી. દેસાઈની ટીમે બાતમી આધારે રખિયાલ ઈન્દીરાનગરમાં ધમધમતા મનોહર ઉર્ફે મનુના વરલીના અડ્ડા ઉપર દરોડો પાડ્યો હતો. અડ્ડા ઉપરથી પોલીસે વરલી મટકાનો જુગાર રમતા અને રમાડતા આઠ શખ્સોને પકડી પાડ્યા છે. દહેગામ તાલુકાના ગોપાલ કિશન રાઠોડ, રાકેશ રશીક શાહ, જસપાલ કિશન રાઠોડ, મનોહર ઉર્ફે મનુ કિશન રાઠોડ, જુગા રૂપા ઠાકોર, પ્રતાપ કિશન રાઠોડ, સંતોક પોપટ વાઘેલા અને તલોદના ઈન્દુસ કાળુ શેખ મળી આઠ શખ્સોની રોકડ રૂ. ૧૬,૬૪૦ રોકડ મુદ્દામાલ અને જુગાર રમાડવાના સાહિત્ય સાથે રખિયાલ પોલીસે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



ગાંધીનગરમાં દિન પ્રતિદિન વાહનોની સંખ્યા વધતી જાય છે પરંતુ આ સાથે વાહન પાર્કિંગની સુઝ તે પ્રમાણે વધતી નથી. આડેધડ પાર્કિંગના કારણે શહેરમાં અનેક સ્થળે ટ્રાફિક જામ અને પાર્કિંગ કરેલા વાહનો નડતરરૂપ બનવાની સમસ્યા સર્જાય છે. જો કે આ સમસ્યાને ઉકેલવામાં પણ જાણે ટ્રાફિક પોલીસને કોઈ રસ ના હોય તેવી સ્થિતિ રોજ જોવા મળે છે. ટ્રાફિક પોલીસ તો ત્યારે જ જાગે છે જયારે આવા સ્થળેથી કોઈ વીવીઆઈપી મહાનુભાવ પસાર થવાના હોય. શહેરની મધ્યમાં ૧૭/૨૨ વિસ્તારમાં આડેધડ વાહન પાર્કિંગની સમસ્યા દરરોજની છે પરંતુ આજે ત્યાંથી મુખ્યમંત્રી પસાર થવાના હોઈ ટ્રાફિક પોલીસે સપાટો બોલાવતા વાહનો ટોઈંગ કરી રોડ ખાલી કરાવી દીધો તેમાં પહેલીવાર જગ્યા ના મળતા વાહન પાર્ક કરી બેઠેલા વાહનચાલકો દંડાઈ ગયા, ત્યારે સવાલ થાય છે કે સાહેબ, તમે રોજ કયાં હોવ છો??

# ખેતી વિભાગના વર્ગ-૩ ના કર્મચારીઓએ પડતર પ્રશ્નો અંગે મુખ્યમંત્રીને આવેદનપત્ર આપ્યું

ગાંધીનગર, તા.૭

ખેતી નિયામક કચેરીના વર્ગ-૩ કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે આજદિન સુધી નિરાકરણ ન આવતા આજે સત્યાગ્રહ છાવણી ખાતે કર્મચારીઓ એકઠા થઈને પ્રતિક ઉપવાસ પર બેઠા હતા. એસોસીએશન ઓપ ધ મીનીસ્ટ્રીયલ સર્વીસીઝ ઓફ ગુજરાત એગ્રી કલ્ચર ડિપાર્ટમેન્ટના નેજા હેઠળ રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને આવેદન પત્ર પાઠવી રજુઆત કરી હતી.

ખેતી વિભાગના વર્ગ-૩ ના કર્મચારીઓના પડતર પ્રશ્નોમાં મુખ્યત્વે હેડ કલાર્ક સંવર્ગમાંથી કચેરી અધિક્ષક સંવર્ગમાં બઢતી આપવી, સીનીયર કલાર્ક સંવર્ગમાંથી હેડ કલાર્ક સંવર્ગમાં બઢતી આપવી, જુનીયર કલાર્ક સંવર્ગમાંથી સીનીયર કલાર્ક સંવર્ગમાં બઢતી આપવી અને નિમણુંક તારીખથી ઉચ્ચ પગાર ધોરણ મંજુર કરવું . આ બધી માંગણીઓ છેલ્લા ઘણા સમયથી ખેતી વિભાગના કર્મચારીઓની પડતર છે. સરકાર સમક્ષ વારંવાર લેખિત તેમજ મૌખિક રજુઆત કરવા છતા હજુ સુધી નિવેડો નહીં આવતા કર્મચારીઓમાં રોષ ભભુકી ઉઠયો છે. શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે ખેતી વિભાગના કર્મચારીઓ મોટીસંખ્યામાં એકઠા થયા હતા અને સરકાર સમક્ષ સુત્રોચ્ચાર કરી પોતાનો રોષ ઠાલવી પ્રતિક ઉપવાસ પર બેઠા હતા.જયારે ટુંક સમયમાં પોતાની માંગણીનો સ્વીકાર નહીં કરવામાં આવે તો ગાંધીચિંધ્યા માર્ગે આંદોલન વધુ ઉગ્ર બનાવવાની ચિમકી પણ કર્મચારીઓએ ઉચ્ચારી છે.

# ગુરૂ અમરપુરી મહારાજના મંદિરે મહારૂદ્ર યજ્ઞ મહોત્સવનું આયોજન

ગાંધીનગર, તા. ૭

મહેસાણા તાલુકાના પાલજ ગામે શ્રીગુરૂ અમરપુરી મહારાજના મંદિરે શ્રી મહાદેવ પગલાં ટ્રસ્ટ તથા સમસ્ત ગ્રામજનો દ્વારા મહારૂદ્ર યજ્ઞ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવ તા. ૭મી મે થી તા. ૧૦મી મે દરમ્યાન યોજાશે. જેમાં વિવિધ ધાર્મિક પ્રસંગો ઉપરાંત ગુજરાતી લોક સંગીતના જાણીતા કલાકારો દ્વારા ત્રણેય દિવસે ડાયરો યોજાશે. આ મહારૂદ્ર યજ્ઞ મહોત્સવના પ્રારંભે રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ મુખ્ય મહેમાનપદે ઉપસ્થિત રહેશે.

શ્રી ગુરૂ અમરપુરી મહારાજના મહારૂદ્ર યજ્ઞ મહોત્સવમાં તા. ૭મી મે સોમવારે ધર્મધજા આરોહણ, જળયાત્રા, દેહશુદ્ધિ પ્રાયશ્ચિત કર્મ જેવા ધાર્મિક પ્રસંગો ઉપરાંત તા. ૮મીએ યજ્ઞ પ્રારંભ સાથે રાત્રે ઈશ્વરભાઈ ચૌધરી અને ભરતભાઈ બારોટનો ડાયરો યોજાશે.

તા. ૯મી મે બુધવારે સદ્‌ગુરૂ મહારાજની પૂજા અને રાત્રે ગુજરાતી ભજન સમ્રાટ આદિત્ય ગઢવી, હાસ્ય કલાકાર ડૉ. નિર્મળદાન ગઢવી અને લોક ગાયિકા મનીષા વસાવાનો ડાયરો યોજાશે. તૃતીય અંતિમ દિવસ તા. ૧૦મી ને ગુરૂવારે શ્રીફળ હોમવા સાથે મહાપ્રસાદ યોજાશે તેમજ મંદિરના જિર્ણોદ્ધારનું ખાતમુહૂર્ત કરાશે. સાંજે ૮.૩૦ કલાકે સન્માન સમારોહ અને રાત્રે 'માબાપને ભુલશો નહી' ફેમ અશ્વિનભાઈ જોષીનો ડાયરો યોજાશે. મહારૂદ્ર યજ્ઞ મહોત્સવના પ્રારંભે મહંત ગંગાસાગર ભારતીબાપુ અને મધુસુદન ભારતીબાપુ આશીર્વચન પાઠવશે.

# માણસા ખાતે ૫૦૦થી વધુ દર્દીઓએ મેગા હેલ્થ ચેકઅપ કેમ્પનો લાભ લીધો

### શ્રી વિઘ્નેશ્વરી ચેરીટેબલ ટ્રસ્ટ તથા રાજસ્થાન હોસ્પિટલના સહયોગથી કેમ્પ યોજાયો : નિષ્ણાંત તબીબોએ વિના મૂલ્યે સેવા પુરી પાડી

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર માણસા ખાતે શ્રી વિઘ્નેશ્વરી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આનંદી માંના વડલે મેગા હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં



આવ્યું હતું. આ હેલ્થ ચેકઅપ કેમ્પમાં અમદાવાદની રાજસ્થાન હોસ્પિટલના નિષ્ણાંત તબીબોએ ૫૦૦થી વધુ દર્દીઓને તપાસી જરુર મુજબ તેમના ટેસ્ટ પણ વિના મૂલ્યે કર્યા હતા.

ધી ગુજરાત રીસર્ચ એન્ડ મેડીકલ ઈન્સ્ટિટયુટ દ્વારા પ્રેરિત ફી મેગા હેલ્થ ચેકઅપ કેમ્પમાં રાજસ્થાન હોસ્પિટલના નિષ્ણાંત તબીબો ડૉ. તરૂણ દવે. ડૉ રાહુલ જાલાન, ડૉ. કમલ પોરવાલ, ડૉ. હેતલ જૈન, ડૉ. નયન પંચોટીયા, ડૉ. નિરજ પટેલ, ડૉ. ગોતમ જૈન તથા ડૉ. શિલ્પી શાહે સેવાઓ પુરી પાડી હતી. આ કેમ્પમાં મુલાકાતીઓને હૃદયરોગ, પેટ-લીવર, ફેફસાના રોગો, કિડનીની બિમારીઓ, નાના બાળકો તથા મહિલા સંબંધિત રોગો ઉપરાંત આંખ-કાન-ગળા વગેરેની તકલીફો અંગે તપાસ કરી જરુરી માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું. દર્દીઓને જરૂરિયાત મુજબ મુખ્યમંત્રી અમૃતમ યોજનાનો લાભ પણ આપવામાં આવ્યો હતો તેમજ રૂબેલા રસીકરણ અંગે માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું અને ૧૦ થી ૩૫ વર્ષની મહિલાઓને રસીકરણ કરી આપવામાં આવ્યું હતું.



ગામ હોય, નગર હોય કે શહેર હોય, જયાં સુધી તેના રસ્તા યોગ્ય ના હોય ત્યાં સુધી તેનો વિકાસ શકય નથી. સારા રસ્તા માત્ર પરિવહનને ઝડપી બનાવતા નથી પરંતુ તેના કારણે વ્યાપાર-વ્યવસાય અને સામાજિક જીવનને વેગ મળે છે. ગાંધીનગરના પેથાપુર ખાતે આરસીસી રોડનું કામ હાથ ધરાયું છે, આરસીસી રોડનો મોટો ફાયદો એ છે કે જલ્દી તુટતા નથી તેમજ વરસાદની ઋતુમાં કાદવ કિચડ થતો નથી જેથી વાહનચાલકો અને રાહદારીઓ તમામને સલામતી સાથે સુગમતા રહે છે.

# હવે, નગરપાલિકા તંત્રને વધુ સુદ્રઢ બનાવાની તૈયારી શરૂ

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજ્યમાં ઓન લાઈન ડેવલપમેન્ટ પરમિશન સિસ્ટમનો પ્રારંભ કરાવતા કહ્યુ કે આ સરકાર પારદર્શિતા અને સંવેદનશીલતાથી ગુડ ગવર્નન્સની દિશામાં કાર્યરત છે. ગૃહ, મહેસૂલ, શહેરી વિકાસ જેવા પ્રજાને સીધા સ્પર્શતા વિભાગોમાં ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરીને ઓન લાઈન વ્યવસ્થા વિકસાવી પારદર્શીતાથી ક્યાંય અને કોઈને એક રૂપિયો પણ આપવો ન પડે કે કચેરીના ધક્કા ન ખાવા પડે ઘરે બેઠા જ ઓન લાઈન કામ થઈ જાય તેવી પરિસ્થિતિ નિર્માણ કરવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ડિઝીટલ ઈન્ડિયાની સંકલ્પના સાકાર કરવામાં ગુજરાત આ સિસ્ટમથી અગ્રેસર બન્યું છે એમ તેમણે ઉમેર્યુ હતું. મુખ્યમંત્રીએ મહાત્મા મંદિર ગાંધીનગરમાં યોજાયેલા સમારોહમાં ગુજરાતમાં શહેરી વિકાસ ક્ષેત્રના અભિનવ આયામો એવા ત્રિવિધ કાર્યક્રમોનો પ્રારંભ કરાવ્યો હતો. તેમણે ઓન લાઈન ડેવલપમેન્ટ પરમિશન સિસ્ટમ, નગરપાલિકાઓના તંત્રને સુદ્રઢ અને વધુ સેવાભિમુખ બનાવવા પ્રાદેશિક કમિશનરેટ પ્રારંભ તેમજ સ્વર્ણિમ જંયતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે વિકાસકામો માટે ૧૦૧૦ કરોડના ચેક વિતરણ કર્યા હતા. મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે, રાજ્યમાં ૧૨૫ ચોરસ મીટર બાંધકામ માટે પરવાનગીમાંથી મુક્તિ આપીને આ સરકારે સામાન્ય માનવીમાં ભરોસો મુક્યો છે કે તે ખોટું નહીં જ કરે. મુખ્યમંત્રીએ આ ઓન લાઈન પદ્ધતિ શરૂ કરવા સાથે ૧૬૨ નગરપાલિકાઓના વહીવટને જવાબદેહ અને સ્થાનિક સ્તરે નિર્ણય તથા વિકાસ આયોજન માટે પ્રાદેશિક કચેરીઓ સંપૂર્ણ સત્તાધિકારો સાથે શરૂ કરવાની પહેલ ગુજરાતે કરી છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
BRIDGESTONE
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેકટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ